રજી. પોસ્ટથી

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧ ૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧ ૯ હેઠળ અપીલ બાબત.

**અપીલ નં- અ-૦૧૮૨-૨૦૨૫**

વિવાદી : ડૉ દિવ્યાંગી નિરવ પટેલ
ચિંતુબા (છાંયડો) મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પીટલ,
ખેરગામ - બહેજ રોડ,
તા. ખેરગામ
જી. નવસારી - ૩૯૬૦૪૦

વિરુધ્ધ

પ્રતિવિવાદી :

(૧) જાહેર માહિતી અધિકારી
પોલીસ સબ ઈન્સપેકટર
ખેરગામ પોલીસ સ્ટેશન
મુ.ખેરગામ
તા. જી. નવસારી - ૩૯૬૦૪૦

(૨) શ્રી એમ.બી. ગામીત,
તત્કાલીન જાહેર માહિતી અધિકારી
પોલીસ સબ ઈન્સપેકટર(લીવ રીઝર્વ)
પોલીસ અધિક્ષકની કચેરી,
લુન્સીકુઇ,
તા. જી. નવસારી - ૩૯૬૪૪૫

(૩) અપીલ સત્તાધિકારી
પોલીસ અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
લુન્સીકુઈ,
તા.જી. નવસારી - ૩૯૬૪૪૫

તા. ૧૯/૬/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૧૮/૦૬/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૨૨/૦૮/૨૦૨૪ |
| (ii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૦૫/૦૯/૨૦૨૪ |
| (iii) | પ્રથમ અપીલ | : | ૧૩/૦૯/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૦૪/૧૦/૨૦૨૪ |
| (v) | બીજી અપીલ | : | ૨૦/૧૦/૨૦૨૪ |
| (vi) | વિવાદીની રજૂઆત | : | ૦૩/૦૧/૨૦૨૫ |
| (vii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૦૬/૦૪/૨૦૨૫ |
| (viii) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૧૪/૦૪/૨૦૨૫ |

(૩) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : ડૉ દિવ્યાંગી નિરવ પટેલ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

પ્રતિવિવાદી : (૧) શ્રી પી.ડી.ચૌધરી, જાહેર માહિતી અધિકારી અને પોલીસ સબ ઈન્સપેક્ટર, ખેરગામ પોલીસ સ્ટેશન, મુ.ખેરગામ, તા.જી.નવસારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૨) શ્રી એમ.બી. ગામીત, તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (લીવ રીઝર્વ), મુખ્ય મથક, તા.જી.નવસારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૩) પ્રથમ અપીલ સત્તાધિકારી અને પોલીસ અધિક્ષક, પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી વતી શ્રી હરેશ ચાંદુ, નાયબ પોલીસ અધિક્ષક વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે.

(૪) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

વિવાદી જણાવે છે કે તેઓની માંગણી મુજબની માહિતી મળેલ ન હોવાથી, માંગણી મુજબની માહિતી આપવા માટેના તેમજ જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૦૫/૦૯/૨૦૨૪ના પત્રથી રૂબરૂ આવી, નિયત નકલ ફી ભરીને માહિતી મેળવી લેવા જણાવેલ હોવાથી તથા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારીના નિર્ણયને અધિનિયમની જોગવાઈઓ વિરૂધ્ધ યોગ્ય ઠરાવેલ હોવાથી, જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી કરવાના હુકમો કરવામાં આવે.

વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતીના અનુસંધાને અધિનિયમની કલમ-૭(૩)(ક)ની જોગવાઈઓ અનુસાર તથા ગુજરાત માહિતી અધિકાર નિયમોના નિયમ-૫(ખ) ની

જોગવાઇઓ અનુસાર, નિયત નકલ ફી ચૂકવવા માટે નિયમ-૩(૪) માં જણાવેલ વિકલ્પો સાથે વિવાદીને પત્ર પાઠવીને નિયત નકલ ફી ચૂકવવા માટે જણાવવાનું રહે છે. આ ઉપરાંત અધિનિયમના અમલ માટે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૭/૨૦૦૮ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર, અરજદાર નકલ ફી રૂબરૂમાં જ ભરે અને રૂબરૂમાં જ નકલ મેળવી લે તેવો આગ્રહ રાખવાનો રહેતો નથી. આમ છતાં, જાહેર માહિતી અધિકારી દ્વારા નકલ ફી પેટે ચૂકવવાની થતી ચોકકસ રકમ દર્શાવ્યા સિવાય, વિવાદીને તા.૦૫/૦૯/૨૦૨૪ના પત્રથી તેઓની અરજીમાં માંગેલ કાગળોની નકલ પોલીસ સ્ટેશન ખાતે આવી, નિયત નકલ ફી ભરી, માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીના નિર્ણયને **પ્રથમ અપીલ સત્તાધિકારી** દ્વારા યોગ્ય ઠરાવવામાં આવેલ છે.

ઉકત ફકરામાં જણાવેલ અધિનિયમ, તે હેઠળના નિયમો અને રાજય સરકારની સૂચના અનુસાર, જાહેર માહિતી અધિકારી દ્વારા નિર્ણય કરવામાં આવેલ નથી. ઉપસ્થિત રહેલ **પ્રથમ અપીલ સત્તાધિકારીના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, નવસારી જણાવે છે કે, વિવાદી દ્વારા માંગવામાં આવેલ માહિતી મર્યાદિત છે અને તેથી વિવાદીને નિયમોમાં આપવામાં આવેલ વિકલ્પો પૈકી કોઇ એક વિકલ્પથી નિયત નકલ ફી ની ચૂકવણી કરવા માટે જણાવવાનું રહે છે. પરંતુ, જાહેર માહિતી અધિકારી દ્વારા આ પ્રમાણે કરવામાં આવેલ નથી.**

ઉકત વિગતો ધ્યાને લઇને જાહેર માહિતી અધિકારી દ્વારા અધિનિયમ, નિયમો અને રાજય સરકારની સૂચનાઓ વિરૂધ્ધ જઇને વિવાદીને રૂબરૂ આવવાનું જણાવી, જાણી-બુઝીને અધિનિયમમાં દર્શાવેલ ૩૦ દિવસની સમયમર્યાદામાં માહિતી આપવામાં અવરોધ/વિલંબ કરેલ હોવાનું જણાતું હોવાથી, અધિનિયમની કલમ-૨૦(૧) હેઠળ શા માટે કાર્યવાહી ન કરવામાં આવે ? તે અંગેની સ્પષ્ટતા રજૂ કરવા માટે જણાવવામાં આવતા, તત્કાલીન જાહેર માહિતી અધિકારી શ્રી એમ. બી. ગામીત, પોલીસ સબ ઇન્સ્પેકટર(લીવ રીઝર્વ), મુખ્ય મથક, નવસારી દ્વારા કોઇ સ્પષ્ટતા રજૂ કરવામાં આવેલ નથી અને માત્ર માહિતી મોકલી આપવામાં આવશે તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

તત્કાલીન જાહેર માહિતી અધિકારી દ્વારા અધિનિયમ, નિયમો અને રાજય સરકારની સૂચનાઓની જોગવાઇઓ વિરૂધ્ધ જઇને વિવાદીને રૂબરૂ નિયત નકલ ફી ભરીને માહિતી મેળવી લેવા જણાવેલ હોવાથી, જાણી-બુઝીને માહિતી આપવામાં અવરોધ/વિલંબ કરેલ હોવાનું સાબિત રહે છે. આથી, તત્કાલીન જાહેર માહિતી અધિકારી શ્રી એમ. બી. ગામીત અને પોલીસ સબ ઇન્સ્પેકટર(લીવ રીઝર્વ), મુખ્ય મથક, નવસારીને અધિનિયમની કલમ-૨૦(૧)ની જોગવાઇઓ અનુસાર રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરાં) નો દંડ કરવામાં આવે છે.

દંડની રકમ તેઓએ પોતાના ભંડોળમાંથી નીચેના સદરે, આદેશ મળ્યેથી દસ દિવસમાં જમા કરાવવાની રહેશે અને દંડ ભરપાઇ કર્યાની પહોંચ/ચલણની નકલ દિન-૧૫ માં આયોગને મોકલવાની રહેશે.

બજેટ હેડ

મુખ્ય સદર : ૦૦૭૦ અન્ય વહીવટી સેવાઓ
પેટા મુખ્ય સદર : ૬૦ અન્ય સેવાઓ.
ગૌણ સદર : ૧૧૮ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે પ્રાપ્તિ નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક

આ હુકમની નકલ પોલીસ અધિક્ષક, પોલીસ અધિક્ષકની કચેરી, નવસારીને મોકલવામાં આવે. જો તત્કાલીન જાહેર માહિતી અધિકારી શ્રી એમ. બી. ગામીત અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર(લીવ રીઝર્વ), મુખ્ય મથક, નવસારી દ્વારા ઉપર્યુકત સમય મર્યાદામાં દંડની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો, તેઓના પગાર/ભથ્થામાંથી ઉકત રકમ કપાત કરીને તા.૦૫/૦૮/૨૦૨૫ સુધીમાં સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે. આ અંગેનો રીપોર્ટ આયોગને તા.૧૫/૦૮/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

પ્રવર્તમાન જાહેર માહિતી અધિકારીએ વિવાદીને આજરોજ માંગણી મુજબની માહિતી મોકલી આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉકત વિગતે પ્રવર્તમાન જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદીની માંગણી મુજબની માહિતી અને/અથવા યોગ્ય પ્રત્યુત્તર આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૩માં વિવાદીને **RPAD** પત્રથી વિનામૂલ્યે મોકલી આપવામાં આવે.

ઉકત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર | પ્રમાણિત કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર